પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૧૬, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૭-૦૧-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 116 PRICE :-RS. 1.50 DATE : 07-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### સેન્ટ્રલ GSTની ટીમે ન્યૂ રાણીપમાં પાડ્યા દરોડા

## અમદાવાદમાં અધધધ... ૨૪૩૫ કરોડનું GST કૌભાંડ ઝડપાતા ખળભળાટ મચ્યો




અમદાવાદ,

અમદાવાદ નોર્થ કમિશનરેટની સેન્ટ્રલ જીએસટીની પાંખે ભરત ભગવાનદાસ સોની(શુકન સ્માઈલ સિટી, ન્યૂ રાણીપ, અમદાવાદ)ની બોગસ બિલિંગ કૌભાંડમાં ધરપકડ કરી છે. સોના ચાંદી અને હીરા અને જ્વેલરીની ખરીદીના ૨૪૩૫.૯૬ કરોડના બોગસ બિલ બનાવ્યા અને ૭૨.૨૫ કરોડની બોગસ ઈનપુટ ક્રેડિટ લીધી. અમદાવાદની એડિશનલ ચીફ મેટ્રો મેજિસ્ટ્રેટની કોર્ટમાં ભરત સોનીને રજૂ કરાયો હતો. જેણે ભરત સોનીને ૧૪ દિવસના જ્યુડિશિયલ રિમાન્ડ પર સાબરમતી સેન્ટ્રલ જેલમાં મોકલી આપ્યો છે. આરોપી ભરત સોનીએ કરેલી જામીન અરજીને કોર્ટે ફગાવી દીધી છે. જીએસટી વિભાગના અંદાજ મુજબ, રૂ.૧૦ હજાર કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ રચીને રૂ.૩૦૦ કરોડની બનાવટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવેલી હોય શકે છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સેન્ટ્રલ જીએસટીને મળેલી માહિતીના આધારે ભરત સોની સામે તપાસ કરાઈ અને તેણે શહેરના વિવિધ બુલિયન ટ્રેડર્સ સાથે સાંઠગાંઠ કરીને હજારો કરોડના બોગસ બિલ જનરેટ કરી કરોડો ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવ્યાનું શોધી કઢાયું.

મુખ્ય સૂત્રધાર ભરત સોનીએ ૬ અલગ અલગ પેઢીઓ ખોલી હતી. જે તેના પરિવારજનોના નામે હતી. જેમાં ઘનશ્યામ જ્વેલર્સ(ભરત સોની પોતે), કનિષ્ક જ્વેલર્સ (ભાવિન સોની, પુત્ર) દીપ જ્વેલર્સ (દીપાલી પાટડીયા, પુત્રી), એન.એસ. એન્ટરપ્રાઈઝ(નીતિન પાટડીયા, જમાઈ), એસ.એ.ઓર્નામેન્ટ(શ્વેતા પાટડીયા, પુત્રી), બી-૨ જેમ્સ(આદર્શ પાટડીયા, જમાઈ)નો સમાવેશ થાય છે.

આ પેઢીઓ ખોલીને ભરત સોનીએ તેના નામે બોગસ બિલો જનરેટ કરવાનું શરૂ કરી દીધું. ઉપરાંત એક આખી બુલિયન જ્વેલર્સની ટોળકી રચી જેઓ પદ્ધતિસર વખતો વખત કરોડો રૂપિયાના અંદરો અંદર ટ્રેડિંગના વ્યવહારો બતાવી અને તેના બેંકિંગ વ્યવહારોના આધારે બોગસ બિલો જનરેટ કરતા ગયા. ફક્ત આ છ પેઢીના નામે જ રૂ.૨૪૩૫.૯૬ કરોડના બોગસ બિલ જનરેટ થયા. જેના આધારે આ પેઢીઓના નામે રૂ.૭૨.૨૫ કરોડની બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવામાં આવી.

જીએસટી વિભાગની તપાસમાં એ પણ જાણવા મળ્યું છે કે, આ આખા કૌભાંડની ચેઈન ઘણી મોટી છે અને બીજા ઘણાં મોટા માથાંઓ અને શહેરના નામી જ્વેલર્સ આ કૌભાંડમાં સંડોવાયેલા છે. આ તમામ લોકોએ એક સિન્ડિકેટ રચીને સોના-ચાંદી, હિરા તથા જ્વેલરીની ખરીદીના અંદરો અંદરના વ્યવહારો દર્શાવી કરોડોના બોગસ બિલ ઉભા કર્યા હતા. પ્રાથમિક અંદાજ અનુસાર આ સિન્ડિકેટના બાકીના સભ્યોએ મળીને રૂ.૭૨૫૦ કરોડના બોગસ બિલ જનરેટ કરીને રૂ.૨૧૦ કરોડની ઈનપુટ ક્રેડિટ ઓળવી લીધી છે.

## રાજ્યમાં ૧૧ જાન્યુઆરીથી ધો.૧૦-૧૧ના વર્ગો 'અનલૉક'



ગાંધીનગર,

રાજ્ય સરકાર દ્વારા શાળા અને કોલેજો શરૂ કરવા અંગે મોટી જાહેરાત કરવામાં આવી છે. આગામી ૧૧ જાન્યુઆરીથી શાળા અને કોલેજો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ અંગે જાહેરાત કરી છે.

આજે મળેલી કેબિનેટની બેઠકમાં શાળા અને કોલેજો શરૂ કરવા અંગે નિર્ણય લેવાયો છે. કેન્દ્ર સરકારની કોરોનાની ગાઈડલાઈન મુજબ શાળાઓ શરૂ કરવા માટે રાજય સરકારે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ધોરણ ૧૦ અને ૧૨, પીજી, યુજીના છેલ્લા વર્ષનું શિક્ષણ કાર્ય શરૂ થશે.

રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કેબિનેટની બેઠક બાદ જાહેરાત કરી છે કે, રાજય સરકારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨દ્રક્ન વર્ગ ૧૧ જાન્યુઆરીથી શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સાથે જ ઓનલાઈન શિક્ષણ પણ ચાલુ રહેશે. આગામી અન્ય ધોરણોના કલાસ શરૂ કરવા અંગે તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે અને સરકાર દ્વારા તેની જાહેરાત કરવામાં આવશે.

શિક્ષણ મંત્રીએ કહ્યું કે, શાળામાં વિદ્યાર્થીઓની હાજરી ફરજિયાત નથી. નિયમોના પાલનની જવાબદારી અધિકારી, આચાર્યની રહેશે. અન્ય ધોરણો અંગે પણ તબક્કાવાર નિર્ણય લેવામાં આવશે. સાથે જ વાલીઓએ સંમત્ત પત્ર આપવો પડશે. ધોરણ-૯-૧૦-૧૧-૧૨દ્રક્ન વર્ગો ઓડ ઈવન સિસ્ટમથી શરૂ થશે. વિદ્યાર્થીઓના વાલીઓએ કે માતા-પિતાની સંમત્તિ લેવી ફરજિયાત છે. જો કોઈ વાલી પોતાના વિદ્યાર્થીને સ્કૂલમાં મોકલવામાં ના માંગતો હોય તો તેના માટે ઓનલાઈન શિક્ષણ વર્ગ પણ ચાલુ રહેશે.

આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાતભરમાં સ્કૂલો શરૂ કરવા અંગે મોટો નિર્ણય લેવાયો છે. આ વિશે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા એ કહ્યું કે, ૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ તથા પોસ્ટ ગ્રેજયુએટ, અંડર ગ્રેજયુએટનું શિક્ષણ ચાલુ કરવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણય ગુજરાત રાજયના તમામ બોર્ડ,

(અનુ.પાના.નં.૨)

## CM ઓફિસના વધુ ૮ કર્મચારી કોરોના સંક્રમિત થતા કુલ આંકડો ૧૯ થયો

ગાંધીનગર,

ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલમાં આવેલા મુખ્યમંત્રી કાર્યાલયમાં એકાએક કર્મચારીઓમાં સંક્રમણમાં વધારો થયો છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા મંગળવારે વધીને ૧૯ થઈ ગઈ છે. એકાએક સંક્રમણ વધતાં કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. હજુ ૧૦ કર્મચારીઓના રિપોર્ટ આવવાના બાકી છે જેથી આ સંખ્યામાં પણ વધારો થવાની શક્યતા છે. સમગ્ર સંકુલને સેનિટાઈઝ કર્યા બાદ સીએમ કાર્યાલયમાં મુલાકાતીઓને પ્રવેશ આપવાનું શરૂ કરાયું છે. મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે કહ્યું કે જે કર્મચારીઓ સંક્રમિત થયા હતા તેઓ હોમ આઈસોલેટ છે અને સંપર્કમાં આવેલા તમામ કર્મચારીઓના ટેસ્ટ કરાયા છે.

શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૧૩૭ કેસ નોંધાયા છે. જ્યારે ૨ દર્દીના મૃત્યુ થયા છે. ૧૪૯ દિવસ પછી શહેરમાં કોરોનાના કેસની સંખ્યા ૧૪૦થી નીચે નોંધાઈ હતી. ૧૧ ઓગસ્ટે ૧૩૯ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કેસનો આંક ૫૫૨૨૯ અને મૃત્યુઆંક ૨૨૪૦ પર પહોંચી ગયો છે. આ સાથે ૧૩૫ દર્દી સાજા થતાં તેમને વિવિધ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હજુ પણ શહેરમાં ૨૪૦૬ એક્ટિવ કેસ છે. અમદાવાદ જિલ્લામાં કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા હતા અને ૭ દર્દી સાજા થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

દિવાળી પછી કેસમાં આવેલો તીવ્ર ઉછાળો હવે ધીરે ધીરે ઘટી રહ્યો છે. દરેક ઝોનમાં એક્ટિવ કેસનું પ્રમાણ પણ સતત નીચે આવી રહ્યું છે. કોરોનાના ટેસ્ટ માટે ઠેર ઠેર બનાવવામાં ડોમની સંખ્યા ઘટી છે અને મોટાભાગના ડોમ ખાલી જોવા મળી રહ્યા છે. એકપણ વિસ્તારને માઈક્રો કન્ટેઈનમેન્ટમાં મૂકવામાં આવ્યો નથી.

## ગાંધીનગરમાં મેટ્રો ટ્રેનનું કામ ૨૦૨૩ સુધી પૂર્ણ કરવાની તૈયારી

ગાંધીનગર,

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેનો ૧૭ વર્ષથી અટકેલો ૩૨ કિલોમીટરનો મેટ્રો રેલ પ્રોજેકટ ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જયારે ગાંધીનગરમાં ૨૮ કિલોમીટરની મેટ્રો ટ્રેનનું કામ ૨૦૨૧માં શરૂ કરી ૨૦૨૩ સુધી પૂર્ણ કરવાની પણ તૈયારી થઈ ચૂકી છે. ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રો રેલનો પ્રોજેક્ટ અતિ વિલંબિત થઈ ચૂક્યો છે.

(અનુ.પાના.નં.૨)

## કોરોના વાયરસની તપાસ માટે ચીને WHOની ટીમને એન્ટ્રી ન આપતા વિવાદ




જિનિવા,

ચીને કોરોના વાયરસના સ્ત્રોતની તપાસ કરવા આવી રહેલી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની તપાસ ટીમને દેશમાં પ્રવેશવાની પરવાનગી આપવાની ના કહી દીધી છે. ચીન દ્વારા ઈન્વેસ્ટિગેશન ટીમને પરવાનગી ના આપવાના સમાચાર એવા સમયે આવ્યા છે, જ્યારે બેઈજિંગ પર એ આરોપ લાગ્યો છે કે તે કોરોના વાયરસને લઈને ઘણું બધું છુપાવી રહ્યું છે. એવું માનવામાં આવે છે કે વર્ષ ૨૦૧૯ના અંતિમ દિવસોમાં કોરોના વાયરસ ચીનના વુહાન શહેરથી આખી દુનિયામાં ફેલાયો.

ચીનનો દાવો છે કે કોરોના વાયરસ વુહાનથી નથી ફેલાયો. ડબલ્યુએચઓના ચીફે કહ્યું છે કે, ચીનના અધિકારીઓએ નિષ્ણાતોની ટીમને આવવાની પરવાનગી આપી નથી અને આનાથી તેઓ નિરાશ છે. કોરોના વાયરસનો પ્રકોપ ફેલાયાના એક વર્ષ પછી ડબલ્યુએચઓના નિષ્ણાતોની ટીમે ચીન આવવાનું હતુ જેથી આ મહામારીના સ્ત્રોત વિશે જાણવા મળી શકે. આ યાત્રા પર દુનિયા આખીની નજર હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પ ઉપરાંત અનેક દેશના નેતાઓએ ચીન પર કોરોના વાયરસથી જોડાયેલા સમાચાર છુપાવવાનો આરોપ લગાવ્યો હતો.

ડબલ્યુએચઓએ કહ્યું કે, ચીને પહેલા ૧૦ નિષ્ણાતોની ટીમને પરવાનગી આપી હતી જે આ અઠવાડિયે ચીન આવવાના હતા. સંગઠને કહ્યું કે, અત્યારે મોટાભાગના નિષ્ણાતોએ પોતાની યાત્રા શરૂ પણ નહોતી કરી અને સંકટોનો સામનો કરવો પડ્યો. ચીન અત્યારે તેમને યાત્રાની પરવાનગી નથી આપી રહ્યું. ડબલ્યુએચઓના ઈમરજન્સી મુદ્દાના નિર્દેશક માઈકલ રયાને મંગળવારના કહ્યું કે. વીઝા ના મળવાની સમસ્યા છે. તેમણે આશા વ્યક્ત કરી કે, અમલદારશાહી સમસ્યા છે જેને ઉકેલી લેવામાં આવશે.

ચીનને લઈને ટીકાઓનો સામનો કરી રહેલા ડબલ્યુએચઓના ચીફ ટેડ્રોસ ઘેબ્રેયસસે કહ્યું "આજે અમને ખબર પડી કે ચીની અધિકારીઓએ અત્યાર સુધી ટીમને ચીનમાં પ્રવેશવાની જરૂરી પરવાનગી નથી આપી. ચીનની ઘણા દિવસ પછી ટીકા કરતા ટેડ્રોસે કહ્યું, હું આ સમાચારથી ઘણો જ નિરાશ છું કે ૨ સભ્યોએ પહેલાથી જ પોતાની યાત્રા શરૂ કરી દીધી છે અને અને બે અન્ય લોકો અંતિમ સમયે યાત્રા ના કરી શક્યા. તેમણે કહ્યું કે, તેઓ ચીનના વરિષ્ઠ અધિકારીની સાથે સંપર્કમાં છે.

## ખેડૂત આંદોલનમાં કેનેડાની કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા સામેલ થતા વિવાદ



ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાના વિરોધમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં ચંચૂપાત નહીં કરવા માટે કેનેડાને ભારતે ચેતવણી આપી હોવા છતા કેનેડાના રાજકારણીઓ સુધરી રહ્યા નથી.

પહેલા કેનેડાના પીએમ જસ્ટીન ટ્રુડોએ આંદોલન પર નિવેદન આપ્યુ હતુ અને હવે કેનેડાની કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા રમનદીપ બરાર શનિવારે દિલ્હી-હરિયાણા બોર્ડર પરના કુંડલી ગામમાં ચાલી રહેલા આંદોલનમાં સામેલ થયા હતા અને આંદોલનકારીઓ સાથે મુલાકાત પણ કરી હતી.

(અનુ.પાના.નં.૨)

## બ્રિટન બાદ હવે જર્મનીમાં સખ્ત લોકડાઉન લાગુ: એન્જેલા મર્કલે કરી જાહેરાત

બર્લિન,

બ્રિટન બાદ હવે જર્મનીએ પણ લોકડાઉન નાંખવાની જાહેરાત કરી છે. જર્મન ચાન્સેલર એન્જેલા મર્કલે પ્રેસ કોન્ફરન્સ કરીને દેશમાં ૩૧ જાન્યુઆરી સુધી લોકડાઉન લાદવાની જાહેરાત કરી હતી. આ સાથે લોકડાઉનના નિયમો કડક બનાવવામાં આવ્યા છે. એન્જેલા મર્કલે જણાવ્યું કે, દેશમાં કોરોના વાયરસના કેસ વધી રહ્યાં છે.અમે ૩૧ જાન્યુઆરી સુધી દેશમાં લોકડાઉન લગાવી રહ્યાં છીએ. અમે લોકોના હિતમાં પગલું ભર્યું છે. સમગ્ર જર્મનીમાં પ્રથમ વખત બિન જરૂરી યાત્રા માટે નવા નિયમ લાગુ કરવામાં આવ્યા છે. નવા નિયમ પ્રમાણે ઘરમાંથી કોઈ એક જ વ્યક્તિ મંજૂરીથી બહાર નીકળી શકશે. તે સિવાય કોઈ બહાર નહીં જઈ શકે. ગાઈડલાઈન મુજબ, જાન્યુઆરીના અંત સુધી દુકાનો અને રેસ્ટોરાં બંધ રહેશે. મહિનાના અંત સુધી ઓનલાઈન યોજાતા વર્ગોની સાથે સ્કૂલો પણ બંધ રહેશે. આ અંગે જાણકારી આપતાં ચાન્સેલરે કહ્યું કે, ૨૫ જાન્યુઆરીએ સમીક્ષા કર્યા બાદ આગળનો નિર્ણય લેવાશે.

## ખેડૂત આંદોલન પર સુપ્રિમ ચિંતિત: કહ્યુ, વાતચીતથી મામલાનો ઉકેલ આવે



ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારે લાગુ કરેલા ત્રણ કૃષિ કાયદાની સામે છેલ્લા એક મહિનાથી પણ વધારે સમયથી વિરોધ પ્રદર્શન કરી રહેલા ખેડૂતો પર સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. કૃષિ કાયદાની સામે થયેલી અરજી પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, અમે પરિસ્થિતિને સમજીએ છીએ અને અમે એવું ઈચ્છીએ છીએ કે, વાતચીતથી મામલાનો ઉકેલ આવે.

નવા કૃષિ કાયદાની બંધારણીય માન્યતાને લઈને સુપ્રીમ કોર્ટમાં જાહેરહિતની અરજી કરવામાં કરવામાં આવી હતી. જેના પર સુનાવણી કરતા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ.એ. બોબડેએ કહ્યું હતું કે, લાંબા સમયથી વિરોધ કરી રહેલા ખેડૂતોને ધ્યાને લઈ અમને પરિસ્થિતિમાં કોઈ બદલાવ દેખાતો નથી. કોર્ટ ખેડૂત આંદોલન અને કૃષિ કાયદાની અરજી પર સોમવારે સુનાવણી કરશે. હજારોની સંખ્યામાં ખેડૂતો તા.૨૬ નવેમ્બરથી દિલ્હીની જુદી જુદી બોર્ડર પર ત્રણેય કૃષિ કાયદાને રદ્દ કરવાની માગ લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ માહોલ વચ્ચે સરકાર અને ખેડૂતો વચ્ચે આઠ રાઉન્ડમાં વાતચીત થયેલી છે. પણ તમામ બેઠકનું કોઈ પરિણામ આવ્યું નથી. ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, અમે પરિસ્થિતિ સમજીએ છીએ. સુનાવણી દરમિયાન સરકાર તરફથી જનરલ તુષાર મહેતા અને એટર્ની જનરલ કે.કે. વેણુંગોપાલ ખાસ હાજર રહ્યા હતા. તેમણે કોર્ટમાં કહ્યું હતું કે, ટૂંક જ સમયમાં ખેડૂતોના આ મુદ્દાનો નીવેડો આવશે એવી આશા વ્યક્ત કરીએ છીએ. જેથી આ વિરોધ ખતમ થશે. આ કેસમાં તમામ સુનાવણી હવે તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ થશે. સરકાર તરફથી તુષાર મહેતાએ કહ્યું કે, આ કેસમાં કૃષિ કાયદા અને ખેડૂત આંદોલનના મામલે સુનાવણીની કોઈ જરૂર નથી. કારણ કે, હજું બંને પક્ષો વચ્ચે વાતચીત ચાલું છે. જેની સામે ચીફ જસ્ટિસે કહ્યું કે, સોમવારે સમગ્ર કેસને ફરી જોવામાં આવશે અને સુનાવણી થશે. જો વાતચીત સકારાત્મક રહી તો સુનાવણી રદ્દ થશે. છેલ્લા ૪૧ દિવસથી ખેડૂતો દિલ્હીની જુદી જુદી બોર્ડર પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. તા.૮ જાન્યુઆરીના રોજ સરકારના પદાધિકારીઓ અને ખેડૂત સંગઠનના આગેવાનો વચ્ચે નવમી વખત બેઠક યોજાશે. કૃષિ કાયદાને લઈને સરકાર કે ખેડૂત બંનેમાંથી કોઈ પોતાના વલણ બદલવા માટે તૈયાર નથી. ખેડૂતોએ કહ્યું હતું કે, જ્યાં સુધી ત્રણેય કાયદા રદ્દ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલું રહેશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

અલસીંગ એમ. શીંગોડ
મુ. કેળકુવા,
તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ડામોર હરિસિંહ મથુરભાઈ
દે.બારીઆ

## દાહોદ તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા
# ડમ્પિંગ યાર્ડના કરોડોના કામોમાં કૌભાંડની આશંકા

દાહોદ,

દાહોદના ચીફ ઓફિસરનું વધુ એક કૌભાંડ, ડમ્પિંગ યાર્ડના કરોડોના કામો બારોબાર મળતિયાઓને પધરાવી દીધા,ઓનલાઈન ટેન્ડરીંગ કરવાના બદલે ઓફલાઈન ભાવ મંગાવી વર્ક ઓર્ડર આપી દેવાયો, સરકારી તિજોરીને કરોડોનો ચૂનો ચોપડવાના ખેલની તલસ્પર્શી તપાસની માંગ.

દાહોદ નગરપાલિકાની ટર્મ પૂર્ણ થતાં ચૂંટણીનો કાઉન્ટડાઉન શરૂ થઇ ગયો છે.અને બીજેપી કોંગ્રેસ, તેમજ આમ આદમી પાર્ટી જેવા રાજકીય પક્ષો પણ પુરજોશમાં ચૂંટણીની તૈયારીઓમાં જોતરાઈ ગયા છે.ચૂંટણી લડવા માંગતા વ્યક્તિઓ પણ પોતપોતાની રીતે પોતાના વોર્ડમાં ફરતા જોવા મળી રહ્યા છે.ત્યારે દાહોદ નગરપાલિકાની પાછલી ટર્મમાં તત્કાલીન ચીફ ઓફિસરે તેમના મળતીયાઓ જોડે સાઠગાંઠ કરી વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચર્યો હોવાની બાબતો સપાટી પર આવી છે.ત્યારે દાહોદ નગરપાલિકામાં ખરેખર કેટલાક કામોમાં ગેરરીતીઓ આચરવામાં આવી છે કે કેમ તે અંગે પાલિકાના સુધરાઈ સભ્યોથી લઇ નગરજનોમાં પણ ચર્ચાઈ રહ્યું છે.જેના લીધે રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. તેમજ ઉપલા લેવલેથી પાલિકામાં થયેલ કામો અંગેની તપાસ હાલ પ્રથમ તબક્કામાં કહેવાઈ રહી છે. ત્યારે તત્કાલીન ચીફ ઓફિસર દ્વારા તારીખ ૨૪.૦૭.૨૦૧૭ થી ૩૧.૦૮.૨૦૨૦ સુધીમાં એટલે છેલ્લા ત્રણ વર્ષોમાં ડમ્પીંગ યાર્ડના લાખો રૂપિયાનો કામ સરકારી નીતિનિયમોને નેવે મૂકી

### ઓનલાઈનની જગ્યાએ ઓફલાઈન ભાવ મંગાવી વર્કઓર્ડર આપ્યા

ઓફલાઈન ભાવો મંગાવી પોતાના મળતીયાઓને આપી દીધાનુ ઘસ્ફોટક થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

સમગ્ર મામલામાં વધુ મળતી માહિતી મુજબ સરકારશ્રી માંથી નક્કી કરેલ ગાઈડલાઈન મુજબ કોઈપણ કામ જો પાંચ લાખ રૂપિયા કિંમતનો હોય તો ઓફલાઈન ટેન્ડરિંગ કરવાની સત્તા જે તે કચેરીના સત્તા સ્થાને બેસેલા અધિકારીઓને આપેલી છે.તેમજ ૫ લાખ કરતા વધુ રકમના કામોમાં સરકારી ધારાધોરણ મુજબ ફરજીયાત ઓનલાઈન ટેન્ડરિંગ પ્રક્રિયા કરી જે એજેન્સીના ભાવો ઓછા હોય તેને સંપૂર્ણ દસ્તાવેજી પ્રક્રિયા કરી વર્ક ઓર્ડર આપવાના નિયમો નક્કી કરેલા છે. ત્યારે દાહોદ નગરપાલિકામાં તત્કાલીન ચીફ ઓફિસરે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ડમ્પિંગ યાર્ડના કામમાં સરકારી નિયમોની પોટલી બાંધી ઉંડા પાણીમાં ફેંકી પોતાના મળતીયાઓ દ્વારા સાઠગાંઠ કરી લાખો નહિ પણ અધધ... કરોડો રૂપિયાના કામો ઓનલાઇન ટેન્ડરિંગ કરવાની જગ્યાએ ઓફલાઈન ભાવો મંગાવી આ કરોડો રૂપિયાની ગ્રાન્ટ બારોબાર પોતાના મળતીયાઓને વર્કઓર્ડરના રૂપે આપી સરકારી તિજોરીને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડયો હોવાની વિસ્ફોટક માહિતીઓ સપાટી પર આવવા પામી છે. ત્યારે આ મામલે રાજ્ય સરકાર દ્વારા તલસ્પર્શી તપાસ આદરવામાં આવે તો શોર્ટકટ અપનાવી સરકારી ગ્રાન્ટને નગરના વિકાસના કામોમાં લગાવવાની જગ્યાએ પોતાનો વિકાસ કરી કરોડો રૂપિયા બનાવનાર એજેન્સી તેમજ અધિકારીઓની પોલ પ્રજા સામે ખુલ્લી પડે તેમ છે. ત્યારે પાલિકાના વહીવટમાં ખરેખર કેટલા રૂપિયા ગોલમાલ થઈ ગયા છે. તે આવનાર સમયમાં સામે આવે તેમ છે.

## દાહોદના વ્હોરા સમાજના યુવકનું અનાસ રેલ્વે સ્ટેશન ખાતે ટ્રેનમાંથી પડી જતાં મોત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં રહેતા એક વ્હોરા સમાજના આશાસ્પદ યુવકનું આજે અનાસ રેલ્વે સ્ટેશન ખાતે ચાલુ અવધ ટ્રેનમાંથી અકસ્માતે પગ લપસી જતાં યુવક ચાલુ ટ્રેનમાંથી અનાસ નદીમાં પટકાતાંની સાથેજ તેમનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાની જાણ નજીકની રેલ્વે પોલીસને થતાં તાબડતોડ દોડી ગયેલ પોલીસ તંત્ર દ્વારા મૃતકનો કબજો લઈ નજીકના દવાખાને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો.

દાહોદ શહેરમાં રહેતાં જુજરભાઈ રોજબરોજની માફક મેઘનગર પોતાના કામકામ અર્થે જવા રવાના થયા હતા. દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે તેઓ અવધ ટ્રેનમાં બેસી મેઘનગર જઈ રહ્યા હતાં ત્યારે મુસાફરી દરમ્યાન ટ્રેન અનાસ નદી ખાતે પહોંચી હતી અને આ દરમ્યાન જાણવા મળ્યા પ્રમાણે દરવાજા ઉપર ઉભેલા જુજરભાઈનો પગ લપસતાં જુજરભાઈ અનાસ નદીમાં પડ્યાં હતાં. જુજરભાઈ અનાસ નદીમાં પડતાંની સાથે જ ટ્રેનમાં બુમાબુમના દ્રશ્યો પણ સર્જાયા હતા અને નદીમાં પડતાંની સાથે જ આસપાસના લોકો દોડી આવ્યા હતાં. નદીમાં પડતાંની સાથે જ જુજરભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ સ્થાનીક રેલ્વે પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓને થતાં તેઓ તાબડતોડ ઘટના સ્થળે દોડી ગયા હતાં. મૃતક જુજરભાઈના મૃતદેહનો કબજો લઈ નજીકના દવાખાને પીએમ અર્થે મોકલી દેવામાં આવ્યાં હતાં. આ ઘટનાની જાણ વાયુવેગે દાહોદ પંથકમાં ફેલાતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો ત્યારે બીજી તરફ સમાચાર જુજરભાઈના પરિવારજનોને પણ થતાં તેઓના પગતળેથી જમીન સરકી ગઈ હતી અને આક્રંદનો માહોલ પણ સર્જાયો હતો.

## દાહોદ જીલ્લામાં આજ રોજ ૧૦ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે વધુ ૧૦ કોરોના કેસો નોંધાતાં દાહોદમાં કોરોનાનો કુલ આંકડો ૨૬૯૪ ને પાર થઈ ચુક્યો છે. RTPCRના ૩૦૦ પૈકી ૧૦ અને રેપીટ ટેસ્ટના ૬૬૯ પૈકી એક પણ કેસ સામે આવ્યો નથી. આ ૧૦ માંથી દાહોદ અર્બનમાંથી ૦૫, ઝાલોદ અર્બનમાંથી ૦૧, ઝાલોદ ગ્રામ્ય માંથી બે, લીમખેડા માંથી એક અને ફતેપુરામાં થી એક કેસનો સમાવેશ થાય છે. આજે વધું ૧૩ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતાં એક્ટીવ કેસની સંખ્યા ૧૦૦ રહે પામી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૨ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે.

## દાહોદના દેલસર ગામેથી ફોર વ્હીલ અને બાઈકની ચોરી

દાહોદ,

દાહોદ તાલુકાના દેલસર ગામે વાહન ચોર ટોળકીએ તરખાટ મચાવતાં એકજ રાત્રીમાં એક કુઝર ફોર વ્હીલર ગાડી તેમજ એક મોટરસાઈકલ મળી બે વાહનોનો ચોરી કરી લઈ નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ જિલ્લામાં વાહન ચોર ટોળકીનો આતંક ફરી વધવા માંડ્યો છે ત્યારે પોતાના વાહન ચોરાઈ જતાં વાહન માલિકોમાં પણ રોષની લાગણી વ્યાપી રહી છે. આવા સમયે ફરીવાર વાહન ચોર ટોળકી સક્રિય થઈ છે અને ગત તા.૨૮મી ડિસેમ્બરના રોજ દાહોદ તાલુકાના દેલસર ગામે મધ્યરાત્રીના કોઈ પણ સમયે દેલસર ગામે રહેતા વિનુભાઈ બચુભાઈ ભાભોરની કુઝર ફોર વ્હીલર ગાડી અને નરસિંહભાઈ જકલાભાઈ ડિંડોરની મોટરસાઈકલના લોક તોડી અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી બંન્ને વાહનોની ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે કુઝર ગાડીના વાહન માલિક વિનુભાઈ બચુભાઈ ભાભોરે આ સંબંધે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## વડોદરા માંજલપુર ખાતે લગ્ન થયેલ પરણિતાએ દાહોદના દેલસર ગામે આવી સાસરીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

દાહોદ,

વડોદરાના માંજલપુર વિસ્તારમાં લગ્ન થયેલ અને દાહોદ તાલુકાના દેલસર ગામે આવી પહોંચેલ પરણિતાને પોતાના પતિ તથા સાસરીયાઓ દ્વારા દહેજની માંગણી કરી તેમજ અવાર નવાર મેણા ટોણા મારી શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં આવા ત્રાસથી વાજ આવેલ પરણિતાએ દાહોદ મહિલા પોલીસ મથકે પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વડોદરાના માંજલપુર સીકોતર નગર-૦૨, શાક માર્કેટ વિસ્તાર ખાતે પરણાવેલ દાહોદ તાલુકાના દેલસર ગામની ૨૦ વર્ષીય સોનાલીબેન વિવેકભાઈ માવીને તેના પતિ વિવેકભાઈ નરવતભાઈ માવી, સસરા નરવતભાઈ નરસીંગભાઈ માવી અને સાસુ હંસાબેન નરવતભાઈ માવી દ્વારા અવાર નવાર મેણા ટોણા મારી કહેતાં હતાં કે, તું અમોને ગમતી નથી, તું ઘરનું કામકાજ બરાબર કરતી નથી, અમારે બીજી બૈરી લાવવાની છે, તું તારા બાપાના ઘરેથી દશ લાખ રૂપીયા લઈ આવ તો જ તને અમારા ઘરમાં રહેવા દઈશું, તેમ કહી મારી નાંખવાની ધમકીઓ આપી ત્રાસ આપતાં હતા અને એક દિવસ પહેરેલ કપડે સોનાલીબેનને ઘરમાંથી કાઢી મુકતાં સોનાલીબેન પોતાના પિયર દાહોદ તાલુકાના દેલસર ગામે આવી પહોંચી હતી અને આ સંબંધે સોનાલીબેન દ્વારા પોતાના પતિ તથા સાસુ-સસરા વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સરકારી શાળાના ફાજલ કર્મચારીઓના રક્ષણના નિર્ણયથી શિક્ષણ જગતમાં ખુશી

દાહોદ,

શૈક્ષણિક જગત માટે, શિક્ષકો માટે, અનુદાનિત સરકારી શાળાના કર્મચારીઓ માટે, ફાજલ સામે રક્ષણનો ગુજરાતના શિક્ષણ મંત્રી ભુપેન્દ્ર ચુડાસમાના આ નિર્ણયથી દાહોદ જિલ્લા શિક્ષણ આલમમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. સાથે સાથે આ નિર્ણયને સૌ કોઈએ વધાવી પણ લીધો હતો. ગુજરાત રાજ્યના ૭૦ હજાર કરતાં પણ વધારે શિક્ષકો અને કર્મચારીઓને આનો લાભ મળશે. નવી-નવી નોકરી હોય, શાળાઓ બંધ થાય વર્ગ બંધ થાય તે સમયે નોકરી ગુમાવવાના કારણે ઘણા બંધા કર્મચારીઓ ગરીબીમાં ધકેલાઈ જતાં હતા અને પોતાનું જીવન નિર્વાહ કરવું પણ મુશ્કેલ બનતું હતું. આવા શિક્ષકો તેમજ કર્મચારીઓ ભયના ઓથા હેઠળ પણ જીવતાં હતાં. આ સંવેદનશીલ નિર્ણયના કારણે હવેથી કોઈને નોકરી ગુમાવવાનો વારો નહીં આવે, વર્ગ બંધ થાય, શાળા બંધ થાય તો નજીકની શાળામાં કર્મચારીઓને હવેથી ફાજલનું રક્ષણ મળવાપાત્ર રહેશે અને તેઓનો સમાવેશ કરવામાં આવશે. શિક્ષકો, કર્મચારીઓ ખુબજ સારી રીતે શૈક્ષણિક કાર્ય કરી શકશે. આવા ઐતિહાસિક નિર્ણય બદલ દાહોદ જિલ્લાના સૌ કોઈ કર્મચારીઓએ આ નિર્ણયને વધાવી લીધો હતો.

## દાહોદ જિલ્લામાં ઉત્તરાયણ પર્વને લઈને પ્રતિબંધાત્મક આદેશો જારી કરતા કલેક્ટર

દાહોદ,

આગામી ઉત્તરાયણ પર્વને ધ્યાને રાખીને દાહોદ કલેક્ટર વિજય ખરાડીએ એક જાહેરનામુ પ્રસિદ્ધ કરીને કેટલાક પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે. આગામી તા. ૨૫ જાન્યુઆરી સુધી અમલમાં રહેનારા આ જાહેરનામામાં એવો આદેશ કરવામાં આવ્યો છે કે, આકાશમાં પતંગ ચઢાવવા માટે કાચનો પાવડર ઘસીને તૈયાર કરેલી નાયલોન અથવા અન્ય સિન્થેટિક પદાર્થોથી કોટિંગ કરી હોય અથછા નોન બાયો ડિગ્રેડેબલ હોય તેવી દોરી ચાઈનિઝ માંઝાનો ઉપયોગ કરવો નહી. જેથી પ્લાસ્ટિકની કે સિન્થેટિક માંઝાના ઉપયોગ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સ્કાય લેન્ટર્ન એટલે કે ચાઈનિઝ તુક્કલ સળગાવીને ઉડાડી શકાશે નહી.

આગળ ઉલ્લેખ કર્યો તે વસ્તુઓનું વેચાણ, આયાત કે સંગ્રહ કરી શકાશે નહી. વીજળીના તાર ઉપર લંગર નાખી પતંગ કે દોરી ઉતારવાનો પ્રયાસ કરવો નહી. સવારના ૬ થી ૮ વાગ્યા અને સાંજના પાંચથી સાત વાગ્યા દરમિયાન આકાશમાં પક્ષીઓની અવરજવર રહેતી હોવાથી પતંગો ઉડાવી શકાશે નહી. આ આદેશનો ભંગ દંડ અને સજાને પાત્ર ગુનો બને છે.

## ગ્રાહકસુરક્ષા મંડળ દાહોદ દ્વારા ગ્રાહકોની ફરિયાદનું સુખદ સમાધાન

દાહોદ,

ગ્રાહકસુરક્ષા મંડળ દાહોદ દ્વારા ગ્રાહકોની ફરિયાદનું સુખદ સમાધાન ગ્રાહક સુરક્ષા મંડળ મા આવેલ વિવિધ ગ્રાહકોની ફરિયાદનું સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો રૂપેશભાઈ દેશી એ મીડિયા કંપનીનો વોશિંગ મશીન ખરીદી હતી વોરંટી સમયમાં વોશિંગ મશીન બગડી જતા કંપનીની સુરત ખાતે આવેલ એસ એસ સર્વિસ માં ફરિયાદ કરતા કંપનીની દાહોદ ખાતે આવેલ સર્વિસ સેન્ટર માંથી આવેલ કંપનીના માણસ એ વોશિંગ મશીન નો એક પાર્ટ્સ બદલીને તેના નાણાં લઈ ગયો હતો આમ છતાં વોશિંગ મશીન ચાલુ નથી થતા રૂપેશભાઈ એ કંપનીની સુરત ઓફિસમાં ફરિયાદ કરવા છતાં તે મશીન રીપેર કરી આપવામાં ના આવતા ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદના ફરિયાદ કરતા મંડળ દ્વારા કંપનીની સુરત ખાતે આવેલ એસ એસ સર્વિસને બે થી ત્રણ નોટિસ ફટકારતા અને ટેલિફોનિક રજૂઆત કરતા આખરે કંપનીએ બગડેલ વોશિંગ મશીનના બદલી નવું વોશિંગ મશીન બદલીયા આપેલ છે તે પણ કોઈ ચાર્જ લીધા વગર આમ રૂપેશભાઈની ફરિયાદનો મંડળ દ્વારા સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો જ્યારે બીજી ફરિયાદ વણઝાર વાડ માં દાહોદ માં રહેતા જુબેદબેન એસબીઆઈ ના એટીએમ માંથી રૂપિયા ૫૦૦૦ ઉપાડતા તે મશીનમાંથી રૂપિયા નીકળ્યા ન હતા અને જુબેદા બેનના ખાતા માથી રૂપિયા ૫,૦૦૦ ડેબિટ થઈ ગયા હતા આ અંગે બેંકમાં ફરિયાદ કરવા છતાં લાંબા સમય સુધી બેંક દ્વારા તેમના ખાતામાં રૂપિયા ૫,૦૦૦ ક્રેડિટ આપવામાં આવ્યા ન હતા આ અંગે તેઓ ગ્રાહક સુરક્ષા મંડળ દાહોદમા ફરિયાદ કરતા મંડળ દ્વારા એસબીઆઇ દાહોદને નોટિસ મોકલતા ફક્ત ૨૪ કલાકમાં જ જુબેડા બેનના ખાતામાં રૂપિયા ૫,૦૦૦ બેંક દ્વારા ક્રેડિટ આપવામાં આવ્યા હતા આમ તેમની ફરિયાદનો પણ સુખદ નિકાલ કરવામાં આવ્યો હતો.

## ધાનપુરના પીપેરા ગામે ST બસની અડફેટે બાઈક ચાલકનું મોત

ધાનપુર,

ધાનપુર તાલુકાના પીપેરો ગામે એક એસ.ટી.બસના ચાલકે પોતાના કબજાની બસને પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી એક મોટરસાઈકલને અડફેટમાં લેતાં મોટરસાઈકલ પર સવાર ત્રણ પૈકી એકનું મોત નીપજયાનું જ્યારે બે જણાને ગંભીર ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત તા.૦૫મી જાન્યુઆરીના રોજ ધાનપુર તાલુકાના પીપેરો ગામે એક એસ.ટી. બસના ચાલકે પોતાના કબજાની બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ત્યાંથી એક મોટરસાઈકલ પર પસાર થઈ રહેલા પીપેરો ગામે લવારીયા ફળિયામાં રહેતા ગોવિંદભાઈ ભીમસીંગભાઈ બારીયા, રમણભાઈ પ્રતાપભાઈ લવારીયા, અને સચીનભાઈ રૂપસીંગભાઈ સુવાણની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં ત્રણેય જણા મોટરસાઈકલ પરથી ફંગોળાયા હતાં અને જેને પગલે રમણભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળ પર જ કરૂણ મોત નીપજ્યું હતું જ્યારે વધુ બે જણાને ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

આ સંબંધે પીપેરો ગામે લવારીયા ફળિયામાં રહેતા ભીમસીંગભાઈ જોદીયાભાઈ બારીયા દ્વારા ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ જિલ્લાની સરકારી માધ્યમિક શાળાઓને ૬૨ શિક્ષકોની થયેલી ફાળવણી

દાહોદ,

દાહોદ જિલ્લામાં નિમણૂંક પામેલા શિક્ષણ સહાયકોને આજે નિમણૂકપત્રો એનાયત કરવામાં આવશે. રાજ્ય સરકારે દાહોદ જિલ્લાની સરકારી શાળામાં વિવિધ વિષયના ૬૨ શિક્ષકોની ફાળવણી કરી છે. આ શિક્ષકોને આવતીકાલ તા. ૭ને ગુરુવારના સવારે ૧૨ વાગ્યે એમ. વાય. હાઈસ્કૂલ કેમ્પસ સ્થિત જીરૂવાલા સભાખંડમાં નિમણૂંક પત્રો એનાયત કરવામાં આવશે.

ઉક્ત કાર્યક્રમમાં રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ, સાંસદ જસવંતસિંહ ભાભોર, પ્રાથમિક શિક્ષણ નિયામક ડો. એમ. આઈ. જોશી, કલેક્ટર વિજય ખરાડી, જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ ઉપસ્થિત રહેશે.

દાહોદ જિલ્લાને અંગ્રેજીના ૧૮, ગુજરાતી અને હિન્દીના ૨-૨, વિજ્ઞાન અને ટેક્નોલોજીના ૨૩ તથા સામાજિક વિજ્ઞાનના ૧૭ મળી કુલ ૬૨ શિક્ષકોની ફાળવણી કરવામાં આવી છે. આ ફાળવણીની દાહોદ જિલ્લાની સરકારી માધ્યમિક શાળામાં શિક્ષણની ગુણવત્તા વધુ સારી બનશે.

## આઈ ખેડુત પોર્ટલ પર સહાય મેળવવા માટે ઓનલાઈન અરજી કરવી

દાહોદ,

ખેડૂતોને ખેતીવાડી ખાતાની સબ મિશન ઓન એગ્રિકલ્ચર મિકેનાઈજેશન યોજના હેઠળ કસ્ટમ હાયરીંગ સેન્ટર સ્થાપવા ખેડૂતોને ઘરઆંગણે લાભ આસાનીથી મળી રહે તે હેતુસર પોર્ટલ તૈયાર કરવામા આવેલ છે. આ યોજનાનો લાભ સહકારી મંડળીઓ, રજીસ્ટર્ડ ખેડુત, મંડળી, ફાર્મર પ્રોડયુઝર ઓર્ગેનાઈઝેશન તથા ગ્રામ પંચાયતોને મળી શકે છે. કસ્ટમ હાયરીંગ સેન્ટરમાં સ્થાનિક પાક પરિસ્થિતિને અનુરૂપ ખેત ઓજારો સાધનો ખરીદી શકાશે. આઈ ખેડુત પોર્ટલ મારફત સને. ૨૦૨૦-૨૧ માટે સહાય અરજીઓ મેળવવાની થાય છે. ખેતીવાડી જખઅખ સહાય યોજનાઓનો મહતમ લાભ મળી રહે તે આશયથી રાજય સરકારશ્રીએ સને. ૨૦૨૦-૨૧ માટે આઈ ખેડુત પોર્ટલ તા.૨૯/૧૨/૨૦૨૦ થી ૦૭/૦૧/૨૦૨૧ સુધીમાં ઓનલાઈન અરજીઓ કરવા માટે ખુલ્લુ મુકેલ છે. જેનો લાભ લેવા આથી જણાવવામાં આવે છે. અરજી કરવા માટે જરૂરી આધાર પુરાવામાં (૧) ૭૧૨, ૮-અ,(૨) આધાર કાર્ડ, (૪) બેંક પાસબુક (૫) મોબાઈલ નંબર (૬) જાતિનો દાખલો જોડવાનો રહે છે. ગ્રામ પંચાયત અને ઈન્ટરનેટરની સુવિધા ધરાવતી અન્ય જગ્યાએથી પણ ઓનલાઈન અરજી કરી શકાય છે. અરજી કર્યા પછી ધ્યાનમાં રાખવાની બાબત છે. આઈખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કર્યા પછી અરજીની પ્રિન્ટ આઉટ કાઢી સહી/અંગૂઠો કરી જરૂરી સાધનીક કાગળો જોડી આપના કાર્યક્ષેત્રના ગ્રામસેવક (ખેતી) અથવા તાલુકા કક્ષાએ તાલુકા પંચાયત ખાતે વિસ્તરણ અધિકારી(ખેતી)ને જમા કરાવવાની રહેશે. તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

## ફતેપુરામાં બેંક ઓફ બરોડાનું ATMબંધ રહેતા લોકોને હાલાકી

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરમાં આવેલી બેંક ઓફ બરોડાનુ એ.ટી.એમ.છેલ્લા અઠવાડિયાથી બંધ હોવાના કારણે બેંક ઓફ બરોડાના એ.ટી.એમ.કાર્ડ હોલ્ડરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહેલ છે. બેંક ઓફ બરોડા એ.ટી.એમ.બંધ હોવાથી એ.ટી.એમ.કાર્ડ હોલ્ડરને વીલા મોંઢે પરત ફરવાનો વારો આવ્યો છે. ગામડાઓમાંથી આવતા એ.ટી.એમ.કાર્ડ હોલ્ડરો ફતેપુરા મુકામે એ.ટી.એમ.માંથી નાણાં ઉપાડવા માટે આવતા હોય એ.ટી.એમ.બંધ જોવા મળતા ફેરો ફોગટમાં જાય છે. અને રૂપિયા વગર લેવડ-દેવડ ખરીદી અટકી પડે છે. જેથી એ.ટી.એમ.કાર્ડ હોલ્ડરોમાં આક્રોશ જોવા મળે છે. બેંક ઓફ બરોડાના મેનેજરના જણાવ્યા અનુસાર કંપની જોડે કોન્ટ્રાકટ પુર્ણ થવાથી એ.ટી.એમ.બંધ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 116

